# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

જન્મ-લગ્ન-દિન અંગ્રેજી તારીખે ઉજવાય છે,
પગાર-બજેટ નાણાકીય વર્ષે ગજવાય છે,
પજવાય છે ધર્માંતરણથી ધાર્મિક લાગણી -
નાચ-ગાન-પાર્ટી, 'ન્યૂ ઇયર' ના ડ્રામા ભજવાય છે!
(- તો આપણી સંસ્કૃતિ ને જ મહત્ત્વ આપો ને!)

## હાઈકુ

તારીખ-વર્ષ,
બદલે ન બદલે -
બહાનું ખપે!
(બધાને 'પીકે' થવું છે!)

શુભેચ્છા સૌને -
ખ્રિસ્તી નવા વર્ષની -,
હૃદય પૂર્વક..
(૨૦૧૫ મુબારક)

## ચિંતન

**દુર્ભગઃ સ્યાત્પકૃત્યા યો વિભૂત્યાપિ સ તાદશઃ । ગોમયં શ્રીનિવાસો અસ્તિ ન તથાપિ મનોહરમ્ ॥**

'જે પદાર્થ પ્રકૃતિથી જ કદરૂપો હોય, અને ગમે તેવો સારો વૈભવ મળે તો પણ તેવો જ રહે છે, સ્વભાવથી જ કદરૂપું ગોમય (ગાયનું છાણ) તેનામાં શ્રી લક્ષ્મીનો નિવાસ હોવા છતાં દેખાવે તો એવું જ કદરૂપું જ રહે છે.'

જે સ્ત્રી કે પુરુષ (પત્ની કે પતિ)નો સ્વભાવ જ ખરાબ હોય (સ્ત્રી કર્કસા હોય કે પતિ વ્યસની હોય) એને ગમે તેવું ઉત્તમ પાત્ર પતિ કે પત્ની સ્વરૂપે મળે છતાં એ પોતાનો સ્વભાવ-બદલતો/બદલતી નથી.

ખરાબ સ્વભાવ એમની પ્રકૃતિ છે એ ગમે તેવા સારા વાતાવરણ, સુવિધા, સારા સ્વભાવથી પણ કદર કરતાં નથી.

આ વાત સમજાવવા અહીં ગોમય-ગાયના છાંણનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે ગાયનું છાણ પવિત્ર માનવામાં આવે છે એમાં લક્ષ્મીજીનો વાસ છે પણ આમ છતાં તેની કુરુપતા તેથી કરીને ઓછી થતી નથી.

## સુવિચાર

- ઇચ્છા ના કાચ ઘરમાં એ કેદ થાય અંતે..
  માણસનું નામ બીજું, 'રંગીન માછલી' છે.. **- સંજુ વાળા**
- 'જે નથી' એના કરતાં 'જે છે' એની કદર કરવામાં ઇશ્વરનો ઋણ સ્વીકાર કરવાની સમજ જીંદગીએ આપી છે, સાથે એ પણ શિખવાડ્યુ છે કે એ અધૂરપ ને પૂર્ણ કરી તેને મધૂરૂપ સુધી પહોંચાડવાની શક્તિ પણ ઇશ્વર જ આપશે **- એસ. ભટ્ટાચાર્ય**
- માણસે ટીવી સ્ક્રીનની જેમ રહેવું જોઇએ, જયારે આગનું દૃશ્ય આવે છે ત્યારે ટીવીનો પડદો બળતો નથી અને વરસાદ આવે ત્યારે પડદો ભીંજાતો નથી **- સુરેશ દલાલ**
- જીવનનો હેતુ 'હેતુપૂર્ણ જીવન' છે **- રોબર્ટ બાયરન**
- ચિડાવામાં ઉતાવળ અને ચાહવામાં વિલંબ કયારેય ન કરવા **- અખંડ આનંદ**
- ખુશામદની ખીરથી, ખુમારીની ખીચડી સારી **- હરિભાઇ કોઠારી**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

મન-ચિત્ત-સ્વભાવ-સ્મિત-હૃદયના ભાવ નિખાલસ હોવા જોઇએ જેવું મન-વિચાર-હૃદયમાં હોય એવું જ જીભ પર આવવું જોઇએ. 'હૈયે એવું હોઠે' પરંતુ આજ કાલ તો બધા ઘરનાં સભ્યો-સ્નેહી-મિત્રો બધાં જ રાજકારણી થઇ ગયા છે હૈયે મનમાં વિચારે કંઇક અને બોલે કંઇક જુદું જ! મન નિષ્પાપ-નિખાલસ હોવું જરૂરી છે.

બે શિષ્યો શિયાળાની રાત્રે એક શહેરમાં પ્રવેશ્યા - પાદરમાં જ વેશ્યાવાડો હતો. શિષ્યોને બોલાવી વેશ્યાઓએ કહ્યું, આવી ઠંડીમાં કયાં જશો, રાત્રિ અમારે ત્યાં જ રોકાઇ જાવ, 'બધી સુવિધા આપશું.'

એક શિષ્ય રોકાઇ ગયો - બીજા મહાદેવના મંદિરમાં રોકાઇ ગયો.. સવારના બંને સાથે મળી - કામ પૂર્ણ કરી પાછા આશ્રમમાં ગયો.

તક મળતાં મંદિરમાં સૂતેલા શિષ્યએ ગુરુને ફરિયાદ કરી - ગુરુજી - અનર્થ થઇ ગયો. પેલો વેશ્યાગૃહમાં રાત પસાર કરી આવ્યો. હું તો આખી રાત મહાદેવના મંદિરમાં ટાઢમાં જ પડ્યો રહ્યો હતો.

ગુરુજીએ ધ્યાન-ધરી સમાધિ કરી જોયું. પેલો વેશ્યાને ઘેર ઘસઘસાટ ઊંઘતો હતો બીજો મહાદેવનાં મંદિરમાં જાગતા એ વેશ્યાને ઘેર કેવી રંગરેલીયાં કરતો હશે એની કલ્પનામાં જ જાગતો ઠુંઠવાતો રહ્યો હતો.

ગુરુજીએ સમાધિમાંથી જાગીને કહ્યું, પુત્ર મને ધ્યાનમાં એવું દેખાયું કે તું મંદિરમાં વેશ્યાવાડો બનાવી જાગતો પડ્યો હતો પણ પેલો વેશ્યાને ઘેર મંદિર જેવી 'શાંતિ'થી ઘસઘસાટ ઉંઘતો હતો!!

Email - sureshchandrabhatt18@gmail.com

# પાર્ટી અભી બાકી હૈ..!! કરો 'ચિયર્સ' આતા વાજલે કી બારા..!!

## નવું વર્ષ આવી રહ્યું છે, કેટલીયે જૂની યાદો પાછળ છોડીને જઈ રહ્યું છે કેટલીક ઈચ્છાઓ બાકી રહી ગઈ છે, તો કેટલીય વગર માંગે મળી ગઈ છે

અરે સાનીયા, 'આ વખતના થર્ટી ફર્સ્ટના સેલિબ્રેશનનું શું પ્લાનીંગ છે? કંઇક નવું જ વિચારીએ.'

કૉલેજમાં તું જાય છે, 'શ્રદ્ધા, ત્યાં તો નવા નવા ફંડા જાણવા મળે ને? કંઈક હટકે પ્લાનીંગ કરીએ. સોચો, સોચો, સોચો યાર કુછ તો સોચો.'

'એમાં શું વિચારવાનું. આપણે તો કાયમનું 'પાર્ટી, બર્થડે, પરિક્ષા પતે, એટલે એનું એજ ભારત મેચ જીતે તોય એ જ અને આપણું વર્ષ પલટાય તોય એજ. ગલ્લા પર, ગાર્ડનમાં કે સર્કલે ભેગા થવાનું. ધીંગામસ્તી, પાર્ટી માટે હોટેલ, બાઈકને હોર્ન મારતા હુલ્લડ મચાવવાનું અને એકાદી જગ્યાએ ગીતો લગાડી 'સનેડો' કરવાનું એટલે પત્યું.'' હર્ષે બિલકુલ વાસ્તવિક વાત કરી...

'પણ યાર આ વખતે એકદમ યાદગાર બને એવું સેલિબ્રેશન કરીએ. નવા વર્ષની ધમાકેદાર શરૂઆત થાય એવું સમથિંગ ફેન્ટાબ્યુ અસલી ડિફરન્સ મંગતા હૈ' પિંકીએ ઉત્સાહમાં આવી કહી દીધું...



Hello ફ્રેન્ડસ!

—સંજય થોરાત
hellogandhinagar@gmail.com

અત્યારે છે ને આવી ચર્ચાઓ કૉલેજ કેમ્પસ, મિત્રોની મહેફીલ અને અન્ય ફેમિલીમાં ચાલ છે. નવું વરષ એટલે એના સ્વાગત માટે તડામાર તૈયારી કરી ધમાકેદાર ઉજવણી કરવાનો ઉમંગ બનાને જ હોય છે. પણ ચિલાચાલુ, પકાઉ કાર્યક્રમથી અળગા રહી અલગ જ કંઇ કરવું છે... થર્ટી ફર્સ્ટ એટલે પૈસાવાળાનું કામ, એવી માન્યતા એક જમાનામાં હતી, આજે તો સમયનું ચક્ર પટલાઇ ગયું. જેની પાસે પૈસા છે એ અને નથી એમને પણ થર્ટી ફર્સ્ટનું સેલિબ્રેશન જોઈએ છે...

વિચાર કરતાં ખબર પડી છે કે આખું વર્ષ હોટલના ખાનપાન અને નાચગાનની પાર્ટીથી કંટાળેલા યુવા બ્રિગેડે પ્લાનીંગમાં એકદમ વિઅર્ડ વિચાર કરવાનો શરૂ કર્યો છે. કોઈને સેલિબ્રેશનમાં આકાશના તારલા ગણવા છે તો કોઈને કોઈ ઊંચી બિલ્ડીંગની છત પર બેસીને ઠંડી હવાનો લહાવો લૂંટવો છે. કોઈને તાપણું સળગાવી મહેફીલ સજાવવી છે. રેડિમેડ ગાનાબજાનાથી બધા કંટાળ્યા છે. દરેક જણ પોતપોતાની વાંસળી, તબલા, ગિટાર, વાયોલીન, માઉથ ઓર્ગનની ધૂળ ખંખેરી પ્રેક્ટિસમાં લાગ્યા છે... થર્ટી ફર્સ્ટના કેમ્પ ફાયરમાં આ વખતે પોતપોતાની કલા પ્રદર્શીત કરવાનો કાર્યક્રમ ઉજવવાની તૈયારી થઈ ગઈ છે...



મોલમાં મળતા રેડિમેડ કપડા જેવું બધાનું બધું સરખાથી કંટાળી તેઓ ટેલરમેડ પર્સનલ ટચ જેવું વિચારીને આ વખતે ગામડે જવાનું વિચારે છે. થર્ટી ફર્સ્ટ અને ઘરે? આપણા પોતાના જ શહેરમાં? આ કલ્પના જ યુવાનોને અકળાવે છે. કોર્પોરેટ જગતમાં કામ કરતા અને ભરપૂર કમાવતા બિરાદરોએ તો કયારનુંય માઉન્ટ આબુ, લોનાવાલા, ખંડાલા, સાપુતારા જેવા ડેસ્ટીનેશને જવાનું પ્લાનિંગ અને બુકીંગ કરાવી નાખ્યું છે. હિલ સ્ટેશનવાળા આટલી ચિલ્ડ ઠંડીમાં ગરમાવો મળે એવા પેકેજ ઓફર કરે છે. ખાણી-પીણી, ડિસ્કો થેક, ન્યૂ ઈયર પાર્ટી એવું બધું જ એમાં સામેલ હોય છે, અને એ માટે કપલ એન્ટ્રી માટે પાંચ થી દસ હજાર ગણી આપવા પડે છે.

કોઈ કહેશે કે આ તો પૈસાવાળાની ઉડાઉગીરી, અમારી પાસે પૈસા નથી, પછી અમારે શું કરવાનું? પણ સાચ્ચું કહું, માત્ર પૈસા ગણીને સેલિબ્રેશન કરીએ તો એ તો બધા જેવું એક સરખું જ થાય. પણ જેઓ હિલ સ્ટેશનની જગ્યાએ ગામડાના એક ખેતરમાં, નદીને કિનારે, મંદિરમાં પરિસરમાં, જયાં મોબાઈલની રેંજ પણ ન મળે એવી જગ્યાએ જવાનો પ્લાન કરો. દેશી જમણ, ગ્રામિણ અહેસાસ, લોકસાહિત્ય, લોકબોલી એમના ગીતો, વાતો માણતા નવા વર્ષના સૂર્યોદયનો અનુભવ લો, જોરદાર મજા આવશે અને ફ્રેશ ન્યુ ઈયરનું સ્વાગત કરો...

સમુદ્ર કિનારે થર્ટી ફર્સ્ટ સેલિબ્રેશન એટલે સૌની મનગમતી જગ્યા. ગોવા તો એ માટે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. દીવ-દમણ નો દરિયો કિનારો પણ સહેલાણીઓ માટે સરસ છે... પણ આમા થોડો ચેન્જ કરવો હોય તો અમુક સમુદ્ર કિનારે નાનકડાં ગામ આવ્યા છે. જે બહુ પ્રસિદ્ધ જગ્યા નથી. વિશેષ સવલતો નથી. એવી જગ્યાએ કોઈના ઘરે ખુબ ઓછા પૈસા ચૂકવીને પેઈંગ ગેસ્ટ તરીકે રહેવાનું. સમુદ્ર કિનારે મોજ મસ્તી અને જમવાની વ્યવસ્થા પેલા ઘરે, ખૂબ ઓછા ખર્ચમાં રાફટીક અનુભવ સાથે થર્ટી ફર્સ્ટ ઉજવાશે...

થર્ટી ફર્સ્ટ એટલે દારુની પાર્ટી, એ તો દરેકના મગજમાં એવું જોરદાર ફિટ થઈ ગયું છે કે દારુ સિવાય નવા વર્ષનું સેલિબ્રેશન થાય એવું તો એમની કલ્પના શક્તિમાય નથી આવતું... પણ હવે યુવાનો જાગૃત બન્યા છે. ખાસ કરીને જયાં યુવક યુવતીઓ સાથે સેલિબ્રેશન કરે છે ત્યાં 'નો ડ્રિંક્સ પ્લીઝ'ની કંડિશન રખાય છે. એમનો એક જ મંત્ર છે કે આપણી દોસ્તી અને ધીંગામસ્તીનો નશો જ એવો જોરદાર હશે કે દારુ પીવાની જરૂર જ નહીં પડે... એટલે આ વખતે 'નો ડ્રિંક્સ' થીમ પણ જોરમાં છે, જે જરૂરી પણ છે...

પબ અને ડિસ્કોમા કયાં ગીતો વાગતા હશે? એવો જો વિચાર આવતો હોય તો જ રસ્તા પર હિટ છે એ જ ફાઈવસ્ટારમા ઈન છે. એવો જ મામલો દેખાય છે. ડાન્સ બસંતી, નચ્ચો સારે જી ફાડકે, સન્ની લીયોનનું બેબી ડૉલ મૈં સોને દી, શાહરૂખનો લૂંગી ડાન્સ, નકાશ અઝીઝે ગાયેલું સાડી કે ફોસલા કભી મેચ કીયા રે... બધાં ચલતીના ગીતો હીટ ચાલે છે. ડીજે કયા ગીત પછી કયા ગીતનું મિક્ષિક કરવું એની તૈયારીમાં છે. પંજાબી કાલા કૌઆ ખાટ ખાયેગાથી ગુજરાતી સનેડો, શકીરાનું વાકા-વાકા સુપરહીટ છે, તો મરાઠી 'નટરંગ' ફિલ્મનું 'આતા વાજલે કી બારા' ઑન ડિમાન્ડ છે. જે પાર્ટીમાં નથી જતા એ આ બધા ગોતીનો સીડી બર્ન કરીને આ ગીતો પણ સોસાયટી કે ગૃપમાં ધૂમ નાચશે...

'આબુ કરતા પ્યારુ, મારા ઘરનું ધાબું' ખર્ચાનો વિચાર કરીએ તો આ વાક્ય બહુ પ્યારુ લાગશે. શું કરવા કયાંને ત્યાં ફાંફા મારવાના. આ ફેસબુક - વોટ્સએપના જમાનામાં આમ પણ પરિવાર સાથે બોલવાનું પ્રમાણ ઘટી ગયું છે. થર્ટી ફર્સ્ટ પરિવાર સાથે જ પ્લાન કરવું હોય, પોકેટ અલાવ ન કરતું હોય તો બસ બે-ચાર મિત્રો, ફેમિલી ફ્રેન્ડ્સ સાથે ડબ્બા પાર્ટી ગોઠવો. જેનું ધાબુ મોટું હોય ત્યાં ચઢી જાવ. ઉજાણીની ઉજાણી અને પરિવાર સાથે અંગત પળો માણવાની મજા. આજે આમ પણ ફેમિલી રિયુનિયન કરવાની જરૂરિયાત છે જ...

જેમને ઘોંઘાટ, ધમાલ નથી ગમતો શાંતિ જોઈએ છે એમને પોતાના મનગમતા ગીતો વગાડી, મનપસંદ જમવાનું બનાવી, વર્ષના લેખાજોખાં અને આવનારા વર્ષનું પ્લાનિંગ કરવા જેવું છે. વાતવાતમાં બાર વાગી જશે, અને નવા વર્ષનું સેલિબ્રેશન થઈ જશે...

કેટલાક યુવાનોને વેસ્ટર્ન કલ્ચરનું બધું જ જોઈએ છે, પણ સાથોસાથ તેઓ આપણા લોકોને ભૂલવા નથી માગતા, તેઓ સાંજે જરૂરિયાત મંદોને નાસ્તો-રમકડાં-કપડાં વગેરે આપીને પછીના સમયમાં સેલિબ્રેશન માટે નીકળે એવાય ગૃપ નજરમાં આવે છે... શહેર શણગારેયેલું છે, ગાડીમાં કે બાઈક પર શહેર ફરતે આંટો મારીને લોકોને ઝૂમતા જોવાનો પણ આનંદ માણી શકાય... સેલિબ્રેશન અને ખુશીની વચ્ચે પૈસો કયારેય નિમિત્ત બનતો નથી. એ તો આપણું બહાનું છે. નવા વર્ષના સ્વાગત માટે 'રાત ભર જામ સે જામ ટકરાયેગા' કરવાનો નશો કરવા કરતાં તો સાત્ત્વિક સેલિબ્રેશનના કેટલાય ઓપ્શન ઓપન છે, લેટ્સ સેલિબ્રેટ ધ થર્ટી ફર્સ્ટ એન્ડ હેપ્પી ન્યુ ઈયર...

**ચૂંટલો :**

નવું વર્ષ આવી રહ્યું છે, નવો સૂર્યોદય, નવી આશા-ઉમંગ અને ઉત્સાહ સાથે આવે છે, નવા નવા પ્રકારના આયોજન અને ફંડા સાથે થર્ટી ફર્સ્ટની ઉજવણી થાય છે, અને એટલે તો કહીએ છીએ કે, 'પાર્ટી અભી બાકી હૈ...'

# જીવનની અનેક વાતો જે અત્યાર સુધી ફક્ત મારી જ હતી, તે આજથી તારી પણ થઇ ગઇ કેમ કે હવે હૃદય આપણું છે

## નવાં કલેવર

- નટવર હેડાઉ

**(ગતાંકથી આગળ....)**

હું તારા આવવાની રાહ જોતી. સહેજ અવાજ કે ખખડાટ થતાં ચોંકી જતી. અને છુપાઈને બારીમાંથી બહાર જોતી. તને ન જોતાં મનમાં શંકાઓ થવા લાગી. અને હું બે હાથ જોડી પ્રાર્થના કરવા લાગતી કે તું સાજોસમો પાછો ઘેર આવી જાય.

એક દિવસની વાત છે. એવું જ વાવાઝોડું આવ્યું હતું. વાદળો પણ ઘેરાઈ ગયાં હતા. રાતના નવા વાગી ગયા હતા. ચારે બાજુ નિરવ અંધકાર છવાઈ ગયો હતો. પણ તું પાછો આવ્યો ન હતો. અનેક શંકાઓ મને ભયભીત કરતી હતી. મનમાં થતું હતું કે કોઈને પુછું, અને કોઈને કહું કે હું હજુ સુધી પાછો આવ્યો નથી. પરંતુ લોકોની સંકુચિત માનસિકતાનો વિચાર આવતાં મન મારીને બેસી રહી.

કોણ જાણે કેમ, મારી આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતા. અને હું ઈચ્છતી હોવા છતાં તેને રોકી શકતી ન હતી. કદાચ એ આંસુ આજે મને મારી વિવશતા અને આપણા નામ વગરના સંબંધનો અહેસાસ દેવડાવતા હતા. હું સમજી શકતી નહોતી કે કોઈને મારા મનોભાવની પવિત્રતા કઈ રીતે બતાવું. અને કઈ રીતે કહું કે લોહીના સંબંધ કરતાં પણ કોઈ સંબંધ વધારે હોઈ શકે છે અને એ સંબંધ છે માનવતા અને પ્રેમનો, જેમાં સામેના વ્યક્તિનું હિત મુખ્ય અને પોતાની અપેક્ષાઓ ગૌણ હોય છે. વ્યક્તિ જેની સાથે આવો સંબંધ બાધે છે તેની ખુશીમાં પોતાની ખુશી અને તેના મનની શાંતિમાં પોતાની શાંતિ અને તેની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ માનવા લાગે છે. તથા તે એના દુઃખે દુઃખી અને તેની પીડાને પોતાની પીડા સમજે છે. આ રીતે પોતાની જાત સાથે વાતો કરતી હું મારી જાતને દિલાસો આપવાનો પ્રયત્ન કરતી હતી.

ત્યાં અચાનક બારણું ખખડવાનો અવાજ સાંભળી, હું ચોંકીને ઉભી થઈ ગઈ, મેં આંસુ લુંછતા પુછ્યું, 'કોણ છે?' તે કહ્યું 'હું છું.'

તારો અવાજ સાંભળતાં મારું હૃદય જોર જોરથી ધડકવા લાગ્યું. મેં મારી જાતને સંભાળતાં તને પુછ્યું. 'કંઈ કામ હતું?'

'તમારે શેરુ માટે 'ડૉગ ફૂડ' જોઈતું હતું ને, તે લઈને આવ્યો છું.'

તેણે એ વાત એટલી આત્મીયતાથી કરી કે જેથી હું બારણું ખોલતાં મારી જાતને રોકી ન શકી. મેં બારણું ખોલ્યું. અને તારા હાથમાંથી 'ડોગ ફુડ' લેતાં કહ્યું, 'ઉભા રહો, હું પૈસા લઈને આવું છું.'

'સવારે આપી દેજો' કહેતાં તું ચાલ્યો ગયો, હું તારો સાભાર પણ ન માની શકી.

નહુશથી વિખુટા પડ્યા પછી મેં નિશ્ચય કરેલો કે હું હવે કયારેય લગ્ન નહીં કરું. કોઈ અન્ય પુરુષની આશ્રિત થવું મને મંજુર ન હતું. કેમ કે મારી દષ્ટિએ પ્રેમ રહિત વૈવાહિક જીવન, બોજ ઉઠાવવા સમાન છે. જેમાં ઉત્સાહ નહીં પણ મજબુરી અને લાચારી હોય છે. તેથી તો એક સ્વતંત્ર જીવન જીવવા માટે મેં દીનદુખીયાં, અસહાય અને નબળાં સોને સદાય કરવાનો સંકલ્પ લઈ જીવનનો મુખ્ય ઉદ્દેશ્ય બનાવેલ. અને મારા આ સામાજિક કામ સિવાય બીજી કોઈ બાબતે કયારેક વિચાર્યું જ નહીં!

છતાં શું કામ તું ગમે ત્યારે મારા વિચારોમાં આવે છે? શું કામ હું તારી સાથે વાતો કરવા માગું છું? શું કામ હું સાંભળવા માગું છું તારો અવાજ? શું કામ આ આંખો તને છુપાઈને જોવા માંગે છે. કેમ તને જોતાં જ મારા હૃદયના ધબકારા વધી જાય છે? કોણ જાણે કેટલા પ્રશ્નો મને ઘેરી વળે છે. અને હું નિરુત્તર આંખો બંધ કરીને સુઇ જાઉં છું. તારા જ વિચારોમાં ખોવાયેલી.

આ હોસ્પિટલ મારા માટે કોઈ મંદિરથી કમ નથી. કેમ કે તારો સુંવાળો સ્પર્શ મેં પહેલીવાર અહીં અનુભવ્યો હતો. ત્યારે જ હું એ પ્રેમને જાણી શકી જે તારા હૃદયમાં હિલોળા લેતો હતો. તારી આંખોથી વરસીને તેણે મને તરબોળ કરી દીધી હતી.

આજ એ સમય આવી ગયો છે જયારે આપણે વિખુટા થવાનું છે. હવે ઈચ્છુ છતાં હું તને કયારેય જોઈ નહીં શકું. પરંતુ જયાં સુધી જીવીશ ત્યાં સુધી પ્રતિક્ષણ મારી અનુભૂતિઓમાં તું સજીવ રહીશ.

આજ ડૉકટર સાહેબની વાતો સાંભળીને મને એવું લાગે છે કે હવે મારા જીવનના બહુ થોડા દિવસો બાકી રહ્યા છે. કદાચ તેથી જ હું તને બધું જ કહી દેવા માંગુ છું. કારણ કે પ્રયત્ન કરવા છતાં હું મારી જાતને રોકી શકતી નથી. તેથી કંઈ પણ છુપાવ્યા વિના બધું જ લખી રહી છું. જેથી હું જાણી શકે કે ફક્ત તે જ નહીં મેં પણ તને ખુબ ચાહ્યો છે.'

નહુશથી વિખૂટા પડતાં હું જીવવાનું જ ભુલી ગઈ હતી. એમ લાગતું હતું કે મારી જીંદગી સ્થગીત થઈ ગઈ છે. અથવા પછી હું માનવ-મશીન બની ગઈ છું. જયારથી તને જોયો ત્યારથી એમ લાગ્યું કે મારા માતાપિતા જેવા નહુશ સાથે મારા લગ્ન કરાવવા માંગતા હતા. તે ફરી પાછો, મારી જિંદગીમાં નિમિશ બનીને આવ્યો છે.

આશ્ચર્ય તો એ છે કે હું કયારેક જાણી શકી નથી કે મને આવો ગંભીર રોગ છે. જો પહેલાં ખબર પડી ગઈ હોય, તો કદાચ હું તને એ સુખ આપત જે નહુશને આપવા માંગતી હતી. હું એ સોનેરી પળો તારી સાથે જીવી લેત, જે નહુશ મને આપવા માંગતો હતો.

જીવનની અનેક વાતો જે અત્યાર સુધી ફક્ત મારી જ હતી. તે આજથી તારી પણ થઈ ગઈ કેમ કે હવે હૃદય આપણું છે.

આ ડાયરીમાં મારા જીવનનાં અનેક પાનાં છે. જેને સાચવીને રાખજે, મારી વિરાસત સમજીને, જો જીવીત રહીશ તો...

કોણ જાણે કેટલીવાર હું મીતાની આ ડાયરીનાં પાંના વાંચી ચુકયો છું. છતાં દર વખતે કેમ એવું લાગે છે કે હજુ કંઈક રહી ગયું છે. જે મીતા કહેતા માંગતી હતી. એમ લાગે છે કે કદાચ કોઈ તેને મળવા આવી ગયું હશે. જેથી વચ્ચે જ પોતાની કલમ ને વિરામ આપવો પડ્યો હશે. નહીંતર તે પોતાની અધુરી વાત મુકી વચ્ચે જ પોતાની પેન અટકાવી કેમ દે.

આ અનુત્તરિત પ્રશ્નનો ઉત્તર હું આ ખીણોને હંમેશા પુછ્યાં કરું છું. મને વિશ્વાસ છે કે કદાચ કયારેક પ્રકૃતિ મને તેનો પ્રત્યુત્તર આપે. હું આજ સુધી જીવનમાં જયારે પણ નિરાશા કે હતાશ થયો છું ત્યારે આ મમતામય પ્રકૃતિ એ જ એક સાચા મિત્રની જેમ મારી દરેક વ્યથાને પીડાને પોતાની રીતે દૂર કરી છે.

આ દિવસોમાં પાનખરને લીધે દૂર દૂર સધી ઉદાસીનતા છવાયેલી છે. હીમ પડવાથી અમુક વૃક્ષોના પાન લાલ તો અમુકનાં પીળાં પળી ગયાં છે. અમુક વૃક્ષો તો ઠુંઠા જ થઈને રહી ગયા છે. તો કોઈ કોઈમાં હજુ થોડી લાલાશ પડતી બાકી છે. અને કયાંક કયાંક ફૂલ પણ દેખાય છે. તેને જોઈને એમ લાગે છે કે જાણે પ્રકૃતિ હંસીને હજુ પણ એ ક્ષણની પ્રતિક્ષા કરી રહી છે. જયારે વસંત ફરી આવીને સમસ્ત વાતાવરણને પોતાના મૃદુ સ્પર્શથી પુલકિત કરી તેની ઉદાસીનતાને દૂર કરી દેશે. ત્યારે વૃક્ષોમાં સર્વત્ર નવ અંકુરણ થશે,અને ધરતી પ્રસન્ન થઈ જશે. સદીઓથી એ ક્રમ અવિરત ચાલી રહ્યો છે. અમુક પરિવર્તનો એવા હોય છે. જેને આપણે સહજ રીતે જોઈ લેતાં હોઈએ છીએ પણ અમુક ને જોવા માટે અન્તઃદષ્ટિની જરૂર હોય છે.

હું આ વિચારોમાં ખોવાયેલો હતો ત્યાં અચાનક મારા ખભા પર કોઈના આત્મીય સ્પર્શનો અનુભવ થતાં ચોકી ગયો. મેં પાછા ફરીને જોયું તો રોજની જેમ પોતાના ચહેરા પર સ્મિત ફરકાવતો અમિત મારી પાસે ઊભો હતો. તેનો હાથ પકડીને મેં તેને બેસવાનો આગ્રહ કર્યો.

'કયારનો તને બોલાવું છું, તેં સાંભળ્યું છે જ નહીં. તું કયાં ખોવાયેલો હતો.' અમિત મને પુછ્યું. મેં કહ્યું, 'કયાંક નહીં, બસ એમ જ પ્રકૃતિના મૌનને સાંભળવા અને સમજવાનો પ્રયત્ન કરતો હતો.' મૌનને ફરી કયારેક સાંભળજે અને સમજજે. અત્યારે જલ્દી ઊભો થા અને ઘરે ચાલ.' તેણે મારો હાથ ખેંચતા કહ્યું, 'ઘેર કોઈ તારી રાહ જોઈ રહ્યું છે. તેથી તને શોધતાં શોધતાં મારે અહીં સુધી આવવું પડ્યું.'

રસ્તામાં ઘણું પુછવા છતાં અમિતે મને કહ્યું જ નહીં કે કોણ આવ્યું છે જે મારી રાહ જૂએ છે. અમિતના મોં પર રહસ્યમય સ્મિત જોઈને આજ વર્ષો પછી મારું હૃદય જોર જોરથી ધડકવા લાગ્યું હતું. અને મને એમ થયું કે 'એ કયાંક મીતા તો નહીં હોય ને?'

- vanvihari@gmail.com

# સાસુ એલિયન કે વહુ એલિયન?

## ગુલમહોર

- દિનેશ દેસાઇ

મૂર્ધન્ય સાહિત્યકાર ક.મા.મુનશીએ સરસ્વતીચંદ્ર - નવલકથામાં લખ્યું છે કે ઢળી પલંગને પાયે સુંદરી રડતી તી... રડવું, આંસુ સારવાં, રિબાવું અને રિબાવવું વગેરે. પલંગને પાયે ઢળીને સુંદરી રડતી હોય ત્યારે એ પિયુની રાહ નિહારતી હોય એવું બને. બીજું કે સાસરિયાંનાં ત્રાસથી પણ સુંદરી-ગૃહલક્ષ્મી ઢળી પલંગને પાયે રડતી હોય એવું ય બને.

પ્રેમ અને પછી લગ્ન અથવા સમાજમાન્ય લગ્ન પછી પ્રેમ અને જીવનની સફર તો સ્ત્રી-પુરુષ માટે મેજિકલ હોઈ શકે. પરંતુ દરેક સ્ત્રી જયારે પત્ની બને એ પછી તેણે સાસુ અથવા સાસરિયો એટલે કે પતિનાં સગાં-વહાલાંને પણ અરસપરસ અપનાવવાનાં હોય છે. ક.મા.મુનશીએ તો ગઈ સદીમાં જે કોઈ વાત માંડી એનાં અર્થ અને સંદર્ભ આજે એકવીસમી સદીમાં કેવાં હોઈ શકે?

**_પ્રેમ અને પછી લગ્ન અથવા સમાજમાન્ય લગ્ન પછી પ્રેમ અને જીવનની સફર તો સ્ત્રી-પુરુષ માટે મેજિકલ હોઇ શકે, પરંતુ દરેક સ્ત્રી જયારે પત્ની બને એ પછી તેણે સાસુ અથવા સાસરિયા એટલે કે પતિનાં સગાં-વહાલાંને પણ અરસપરસ અપનાવવાનાં હોય છે_**

સાસુ-સસરા, નણંદ, જેઠ-જેઠાણી, દીયર-દેરાણી ઈત્યાદી પાત્રો શું કોઈ એલિયન છે? કે પછી પુત્રવધૂ શું કોઈ પરગ્રહવાસી છે? શા માટે આ રિલેશનશીપ એકવીસમી સદીમાં પણ સમાજને અને સંબંધને પજવી રહી છે. વાત આપણે સુગંધાની કરીએ. સુરતના ખુબ પ્રતિષ્ઠિત પરિવારની એકની એક દીકરી સુગંધા. કોન્વેન્ટની બ્રિલિયન્ટ સ્ટુડન્ટ અને રૂપ-રૂપનો અંબાર જાણે બ્યુટી ક્વિન. એમના જ સમાજના એક પરિવાર તરફથી લગ્નનું માગું આવ્યું.

સુગંધાના મા-બાપે કહ્યું કે પહેલી વાત તો એ કે અમારી દીકરી હજુ માત્ર સત્તર જ વર્ષની છે. બીજી વાત એ કે લગ્ન એક જ શરતે કરીએ. તેની હજુ ભણવાની ઉંમર છે. તેને ખુબ ભણવું છે. તેને માસ્ટર્સ ડિગ્રી સુધી અથવા તે ઈચ્છે ત્યાં સુધી ભણાવવાનું વચન આપવું પડશે.

યુવાન અને તેનાં મા-બાપે વાત માન્ય રાખી. લગ્ન થયાં એ પછી સુગંધાને ખબર પડવા માંડી કે તે જીવતે જીવ કોઈ દોઝખમાં કેદ થઈ ગઈ છે. પતિ કામધંધે ઘર બહાર પગ મૂકે એ સાથે જ સાસુ-સસરાની ડગલેને પગલે સુરતી ગાળો. સાસુ-સસરા હાથ ગામવામાં પણ કંઈ બાકી ન રાખે. સુગંધાને ઉચ્ચ અભ્યાસ કરવા દેવાની વાત તો દૂર પરંતુ ઘરની બહાર પગ મૂકવા ઉપર પણ પાબંદી. અરે, ઘરના એક રુમમાંથી બીજા રુમમાં જાય તો પણ સાસુ, વડસાસુના ચોકી-પહેરા અને ક્ષણ-ક્ષણ મહેણાં-ટોણાં.

સુગંધા સત્તર વર્ષે જ મા બને એવું કોઈ પ્રેમાળ પતિ ઈચ્છે નહીં. બારમા ધોરણ સુધી ભણ્યા પછી સુગંધાની જિંદગી અંધકારમય બની. પતિ-પત્ની એકમેકને ખુબ ચાહે અને એકમેકની કાળજી પણ લે. આ ચાહતને કારણે જ સુગંધા ગૃહકલેશ અને સાસરિયાંનાં ત્રાસની કોઈ વાત પતિને કરતી નહીં. પતિને એમ કે બધું બરાબર ચાલી રહ્યું છે. ચાર-પાંચ વર્ષ સુધી ઘરમાં પારણું નહીં બંધાતાં એકવીસમી સદીનાં ઉંબરે પણ સુગંધાને 'વાંઝિયામેણો' સહન કરવાનો વારો આવતો. 'તું તો વાંઝણી છું...' એટલું જ નહીં, અહીં લખી ન શકાય એવું ઘણું બધું સુગંધાને તેનાં સાસુ-સસરા, નણંદ સહિતના સાસરિયાં રોજબરોજ સંભળાવતા રહ્યા.

આખરે લગ્નનાં છઠ્ઠા વર્ષે સુગંધાએ ટ્વિન્સ દીકરીને જન્મ આપ્યો. સુગંધાનું આખું શરીર માર-ત્રાસથી કોચાઈ ગયું હતું. આમ તો તેને ગર્ભમાં ટ્રિપ્લેટ્સ હતાં.પરંતુ તબીબની સલાહ હતી કે ત્રીજું બાળક બચાવવા જતાં સુગંધાને જાનનું જોખમ છે. આખરે જોડીયા દીકરી અવતરી. સાસુ-સસરા અને નણંદનાં એવાં મહેણાં-ટોણાં કે આ દીકરીઓ પતિના કારણે નથી. કેટલું મોટું આળ?

આમ છતા સુગંધા સહન કરતી રહી. દીકરી સાપનો ભારો... એમ કહીને ફરીથી ત્રાસ. બીજો ત્રાસ એ કે કુળનો દીપક-દીકરો આપી શકતી નથી. આ ત્રાસમાં એને હર્નિયાનું ઓપરેશન કરાવ્યું. પથરીની બીમારી પણ વળગી. એનો ઉપચાર પણ કરાવ્યો. પતિ-પત્નીએ બે દીકરીઓના ઉછેરમાં ધ્યાન આપવાના આશયથી પાંચ વર્ષનો ગાળો રાખ્યો અને ફરી એક વાર સુગંધા પ્રેગનન્ટ થઈ. તેના માટે દીકરાનો જન્મ અનિવાર્ય હતો. સીતા માતા કરતા તેની અગ્નિ વગરની અગ્નિપરીક્ષા કંઈ કમ નહોતી.

તેણે ભગવાનનો પાડ માન્યો કે જયારે દીકરો જ અવતર્યો. એક તરફ તબીબોએ કહી દીધું કે ગર્ભમાં દીકરો છે ખરો પરંતુ સંજોગ ક્રિટિકલ છે. મા અથવા બાળક, બેમાંથી એકને જ બચાવી શકાય એમ છે. છતા આ વિકટ સંજોગોમાં પણ ભગવાને સુગંધાની પ્રાર્થના સાંભળી. દીકરો અને મા બેઉ હેમખેમ રહ્યાં તો બીજી તરફ વધુ એક પાધિ ઉભી જ હતી. સાસરિયાં એમ કહેવાં માંડ્યાં કે આ દીકરો તેમનો નથી. ઓહ, સુગંધાના ચારિત્ર ઉપર આ કંઈ એકલદોકલ હુમલો નહોતો. છતા દર વખતની જેમ તેના પતિએ ઢાલ બનીને તેને સાચવી. તબીબોએ કહ્યું કે આ છેલ્લી પ્રસુતિ. હવે સુગંધા મા બને તો જીવને જોખમ. હવે શું? વધુ આવતા સપ્તાહે.